# વિદ્યાસહાયક ભરતી (ધો. 1 થી 5 ગુજરાતી માધ્યમ) વર્ષ:2026

વિદ્યાસહાયક ભરતી – 2026 (ધોરણ 1 થી 5 ગુજરાતી માધ્યમ)
તા.01/04/2026ની જાહેરાતના ઉમેદવારો માટે કોલ–લેટર મેળવવા માટેની સૂચના

## બીજો તબક્કો (ધોરણ 1 થી 5)

**તા.08/10/2026**

(1) ઉમેદવારો તા.08/10/2026 ના રોજ 12:00 કલાકથી મેરીટમાં આવતા ઉમેદવારો વેબસાઇટ ઉપરથી પોતાના કોલ–લેટર ઓનલાઇન મેળવી શકશે.

(2) વિદ્યાસહાયક ભરતી –2026 (ધો. 1 થી 5 ગુજરાતી માધ્યમ) માં બિન અનામત કેટેગરીમાં નીચે દર્શાવેલ મેરીટ સુધીના ઉમેદવારો ઓન–લાઇન કોલ–લેટર મેળવી શકશે. આ ઉમેદવારોને તા.13/10/2026 થી તા.15/10/2026 દરમ્યાન જિલ્લા પસંદગી માટે બોલાવેલ છે. જે અંગે તારીખ, સમય અને સ્થળ ઉમેદવારના કોલલેટરમાં દર્શાવેલ છે.

| ભરતીનો પ્રકાર | પ્રવાહ | બિન અનામત કેટેગરી (OP) |
|---|---|---|
| ધોરણ 1 થી 5 | વિજ્ઞાન પ્રવાહ સિવાય | 64.7797 |

(3) જિલ્લા પસંદગીની કાર્યવાહી માટે ઉમેદવારોએ વેબસાઇટ ઉપરથી જ ઓન–લાઇન કોલ–લેટર મેળવી લેવાના રહેશે. અન્ય કોઇ પ્રકારે કોલ–લેટર મોકલવામાં આવશે નહિ.

(4) સદર ભરતી અન્વયે જાહેરાત મુજબની કુલ 11000 જગ્યાઓ પૈકી. ફાઈનલ મેરીટયાદી પ્રસિધ્ધ કરતાં સમયે જણાવ્યા મુજબ નામ. વડી અદાલતમાં દાખલ થયેલ સ્પે.સિ.એ.નં.3005/2026 તથા તેને સંલગ્ન અન્ય પીટીશનો ઉપર નામ. વડી અદાલત દ્વારા તા.07/08/2026ના રોજ કોમન ઓરલ ઓર્ડર અનુસંધાને 774 જગ્યાઓ ખાલી રાખવામાં આવનાર છે જેની તમામ ઉમેદવારોએ નોંધ લેવી.

(5) સદર ભરતીના આ બીજા તબક્કામાં બિન અનામત જગ્યાઓ માટે ઉમેદવારોને કોલલેટર આપવામાં આવેલ છે પરંતુ જિલ્લા પસંદગી દરમિયાન કોઈ અનામત કેટેગરીની ખાલી જગ્યાઓ (ઉપર ફકરા (4) મુજબ ખાલી રાખવાની જગ્યાઓ સિવાય) પૂર્ણ થઈ જશે અને ઉમેદવાર બિન અનામતની જગ્યા માટે પાત્રતા ધરાવતાં નહી હોય તો તેઓને જિલ્લા પસંદગીની તક મળશે નહીં. જેની તમામ ઉમેદવારોએ નોંધ લેવી.

**નોંધ:– ઉમેદવારોએ જિલ્લા પસંદગીની કાર્યવાહી પૂર્ણ થાય અને આ વિદ્યાસહાયક ભરતી પ્રક્રિયા ચાલુ રહે ત્યાં સુધી તમામ ઉમેદવારોએ દરરોજ આ વેબસાઇટ જોવા વિનંતી છે.**